# સંશોધન નિયામકશ્રીની કચેરી
## નવસારી કૃષિ યુનિવર્સિટી
એરૂ ચાર રસ્તા, નવસારી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**ડો.એ.એન.સાબલપરા**
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

ફોન ૦૨૬૩૭ – ૨૮૩૧૬૦,
૦૨૬૩૭ – ૨૮૩૪૫૨
૨૮૨૭૭૧ થી ૭૫ એક્સ.૧૩૨
ફેક્સ ૦૨૬૩૭ – ૨૮૩૪૫૨


જા.નં.નકૃયુ/સં.નિ./આયોજન/પ્લાન યોજના/૧૦૬૨૪/૨૦૧૨ તા.૧૬.૦૮.૨૦૧૨

પ્રતિ,

......................
......................
......................
......................

વિષય :– પ્લાન યોજના સદરે નવી યોજનામાં આગામી (વર્ષ ૨૦૧૩–૧૪) અંદાજપત્ર/બજેટમાં પ્રપોઝ કરવામાં આવનાર નોન રીકરીંગ સદરે સાધનોના જસ્ટીફીકેશન બાબત....

સવિનય ઉપરોકત વિષય પરત્વે ખાસ ધ્યાન દોરતા જણાવવાનું કે, આપના સીધા નિયંત્રણ હેઠળના વિભાગોએ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ ક્ષેત્રમાં પ્લાન યોજના અંતર્ગત ચાલુ વર્ષમાં મંજુર થયેલ નવી યોજનાઓમાં નોન રીકરીંગ સદરે જે સાધનો એપ્રુવ્ડ થયેલ તે સિવાય શિક્ષણ અને સંશોધન માટે ખાસ જરૂરી કે જેના સિવાય કામગીરી અટકી પડે તેમ હોય તેવા અત્યંત જરૂરિયાતવાળા સાધનો ખરીદીની દરખાસ્તમાં નીચે મુજબની પુર્તતા કરેલ યાદી સમયસર મોકલાવવામાં આવેલ હશે તે સાધનોનો બજેટમાં સમાવેશ કરવામાં આવશે. જે જાણ થવા સારૂં.

(૧) સાધન વિભાગમાં ઉપલબ્ધ છે કે કેમ ? જો હોય તો કયા વર્ષે, કેટલી કિંમતે ખરીદવામાં આવેલ, કેટલા વર્ષ સુધી ઉપયોગમાં લઈ શકાશે, મેઈન્ટેનન્સ માટે શું વ્યવસ્થા તેમજ તેના ઉપયોગ થકી કેટલા વિદ્યાર્થીઓ/કર્મચારીઓ ઉપયોગ કરશે, આ સાધન થકી શિક્ષણ, સંશોધન અનેવિસ્તરણ શિક્ષણ ક્ષેત્રે મળેલ પરિણામોમાં કેટલો ફાળો રહેશે, વપરાશ માટે લોગબુક રાખવામાં આવેલ છે કે કેમ ?

(૨) વિભાગમાં આ સાધન હોય તેમ છતાં વધારાના સાધન તરીકે લેવાનું હોય તો જે છે તે સાધનનો વાર્ષિક વપરાશ અને વધુ સંખ્યામાં લેવાનું સ્પષ્ટ કારણ દર્શાવવું.

(૩) સાધનની શિક્ષણ ક્ષેત્રે પ્રાયોગિક અભ્યાસક્રમ માટે સ્નાતક/અનુસ્નાતક વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાનમાં રાખી જરૂરિયાત દર્શાવી અંદાજીત વાર્ષિક વપરાશના સમયગાળા સાથે સ્પષ્ટતા કરવાની રહેશે.

(૪) સાધનોની યાદીમાં અંદાજીત કિંમત આડેધડ દર્શાવવામાં આવે છે. તેને બદલે સ્પેશીફીક જુદા જુદા ફંકશન અને મોડલ સાથેની માર્કેટ પ્રાઈસની જાણકારી મેળવી કિંમત દર્શાવવાની રહેશે.

(૫) વિભાગ હેઠળ કાર્યરત પ્લાન યોજના સિવાય નોન પ્લાન, આઈસીએઆર તરફથી સ્ટ્રેન્ધનીંગ એન્ડ ડેવલોપમેન્ટ ઓફ SAU એજ્યુકેશન, એઆઈસીઆરપી તથા આરકેવીવાય, હોર્ટીકલ્ચર મિશન, એનએઆઈપી તેમજ અન્ય અધર એજન્સીનાં પ્રોજેકટોમાં આ સાધનો ખરીદવામાં આવેલ નથી તેમ જણાવવાનું રહેશે.

(૬) સંશોધન યોજનામાં નકકી કરેલ હેતુઓ ધ્યાનમાં રાખી કયા ફંકશન માટે સાધનની જરૂરિયાત અને આ ફંકશનનો ખેતી તેમજ સંલગ્ન વ્યવસાયમાં કયા પ્રકારનો ફાળો રહેશે તે વિગતો સ્પષ્ટ થવી જોઈએ.

(૭) વિસ્તરણ શિક્ષણ દ્વારા ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી માટે આયોજીત થનાર ઓન કેમ્પસ /ઓફ કેમ્પસનાં જુદાજુદા કાર્યક્રમો અને તેમાં આ સાધનો, ભાગ લેનારની સંખ્યા સામે કેટલા ઉપયોગી બનશે તેની વિગતો આપવી જોઈએ.

(૮) નોન રીકરીંગ સાધનોની યાદીમાં સાધન સામે ઉપરોકત જસ્ટીફીકેશન હશે તો જ માન્ય રાખવામાં આવશે.

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ